પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૨૪ | ૨૫ ઓક્ટોબર, ૨૦૧૭, બુધવાર ; કારતક સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અર્થવ્યવસ્થા મજબૂત, ફેરફારોની અસર લાંબા ગાળે દેખાશે : જેટલી



ન્યુ દિલ્હી, તા.૨૪ નાણા પ્રધાન અરુણ જેટલીએ જણાવ્યું કે અર્થતંત્ર સામે જે પણ પડકારો આવશે તેમને પહોંચી વળવા માટે સરકાર તૈયાર છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે અર્થતંત્રમાં હાઈ ગ્રોથની સ્થિતિ બનેલી રહેશે. આ દરમિયાન તેમણે કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષથી અર્થતંત્ર સતત તેજીથી આગળ વધી રહ્યું છે.

સરકાર પબ્લિક સેક્ટર બેક્રોને રીકેપિટલાઈઝેશન માટે ૨ વર્ષમાં ૨.૧૧ લાખ કરોડની મદદ કરશે. તે માટે ૧.૩૫ લાખ કરોડના રીકેપિટલાઈઝેશન બોન્ડ્સ લાવવામાં આવશે. જયારે ૭૬,૦૦૦ કરોડ રૂપિયા બજેટ તથા બજારમાંથી એકઠાં કરવામાં આવશે. નાણાપ્રધાન અરુણ જેટલીએ બેક્રોના રીકેપિટલાઈઝેશન પ્લાનની આજે જાહેરાત કરી હતી. સરકારના આ પગલાથી જીડીપી ગ્રોથની સાથે જોબ વધવાની તકો પેદા થવાની આશા છે. નાણાપ્રધાને જણાવ્યું કે ભારત વિશ્વમાં સૌથી તેજીથી વધતું જતું અર્થતંત્ર બની રહેશે. તેમણે કહ્યું કે અર્થતંત્રની સ્થિતિ અંગે પીએમ મોદી સાથે સતત ચર્ચા થાય છે. જેટલીએ કહ્યું કે અર્થતંત્રમાં રોડ, હાઉસિંગ, પાવર, રેલવે અને ડિજિટલ ઈન્ફ્રા પર સતત ભાર મૂકાયેલો છે. જેટલીએ જણાવ્યું કે કેબિનેટે ૬.૯૨ લાખ કરોડ રૂપિયાના મેગા હાઈવે પ્લાનને મંજૂરી આપી છે. આ યોજનામાં આગામી ૫ વર્ષ દરમિયાન લગભગ ૮૩,૬૭૭ કિલોમીટર લાંબી સડકોનું નિર્માણ કરવામાં આવશે. તેનાથી ૧૪.૨ કરોડ માનવ દિવસ જેટલો રોજગાર પેદા થશે. આ પ્રોજેક્ટનો અમલ એન. એચ. એ. આઈ, એન. એચ. આઈ. ડી. સી. એલ., એમઓઆરટીએચ અને સ્ટેટ પીડબલ્યુડી દ્વારા કરાશે.

વર્ષ ૨૦૧૨માં ફિસ્કલ ડેફિસિટ ૫.૯ ટકા હતી. તે માર્ચ ૨૦૧૭માં ઘટીને ૩.૫ ટકા થઈ - માર્ચ ૨૦૧૮માં તે ઘટીને ૩.૨ ટકા થવાનું સરકારનું અનુમાન છે. સરકારે જણાવ્યું કે છેલ્લા ચાર વર્ષમાં ફિસ્કલ ડેફિસિટના ટાર્ગેટ પૂરા કરવામાં આવી રહ્યા છે.

નાણાપ્રધાન અરુણ જેટલીએ કહ્યું કે ભારત દુનિયાનો ભરોસો વધી રહ્યો છે. આ જ કારણ છે કે દેશનું વિદેશી હુંડિયામણ ભંડોળ વધીને ૪૦૦ અબજ ડોલરની ઉપર ગયું છે. મે ૨૦૧૧થી મે ૨૦૧૪ દરમિયાન ફોરેક્સ રીઝર્વ ૩૦૦ અબજ ડોલરની આસપાસ રહ્યું હતું. ૨૦૧૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર આવ્યા પછી તેમાં સતત વધારો થઈ રહ્યો છે. મે ૨૦૧૪માં વિદેશી હુંડિયામણ ભંડોળ ૩૦૧ અબજ ડોલર હતું તે વધીને સપ્ટેમ્બર ૨૦૧૭માં ૪૦૦ અબજ ડોલર થયું છે.

## જીએસટી રિટર્ન ભરવામાં વિલંબની સ્થિતિમાં ફી નહીં

નવી દિલ્હી, તા. ૨૪ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ને લઈને મોદી સરકારે ફરી એકવાર વધુ રાહત આપી દીધી છે. ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિના માટે જીએસટી લેટ ફીને માફ કરવાનો નિર્ણય કરાયો છે. જીએસટી રિટર્ન મોડેથી ભરનાર લોકોને મોટી રાહત આપી દીધી છે. કંપનીઓની માંગ હતી કે, સરકાર ત્રણ બી રિટર્ન ભરવામાં વિલંબ થવાને લઈને લાગતા દંડને ખતમ કરે. આંકડાઓ મુજબ જુલાઈ મહિનામાં ૫૫.૮૭ જીએસટીઆર-૩બી ભરવામાં આવ્યા હતા જ્યારે ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં ક્રમશઃ ૫૧.૩૭ લાખ અને ૪૨ લાખ રિટર્ન દાખલ કરવામાં આવ્યા હતા. સરકારે મહત્વપૂર્ણરીતે આગળ વધીને ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિના માટે શરૂઆતી જીએસટી રિટર્ન ભરવામાં વિલંબને લઈને કંપનીઓ પાસેથી કોઈ દંડ વસુલ કરશે નહીં. કરદાતાઓને આ મોટી રાહત આપવામાં આવી છે. લેટ ફીને સમાપ્ત કરવાનો નિર્ણય કરાયો છે. તેમણે કહ્યું છે કે, કંપનીઓ પાસેથી જે લેટ ફી પહેલા લેવામાં આવી છે તેને તેમના ખાતામાં પરત મોકલી દેવામાં આવશે. આ અગાઉ સરકારે જીએસટી વ્યવસ્થા હેઠળ જુલાઈ મહિનાના રિટર્ન ફાઈલ કરવામાં વિલંબને લઈને ફીને સમાપ્ત કરવાનો નિર્ણય કરાયો હતો. કંપનીઓ દ્વારા છેલ્લા ઘણા સમયથી આની માંગ કરવામાં આવી રહી હતી.

## આજે ચૂંટણી જાહેરાતની શક્યતા

નવી દિલ્હી, તા. ૧૨ ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેની તારીખોની જાહેરાત આવતીકાલે કરવામાં આવનાર છે. અલબત્ત ચૂંટણી પંચ તરફથી આ સંદર્ભમાં કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી પરંતુ આવતીકાલે બપોરે ૧૨ વાગે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી શકે છે. હિમાચલ પ્રદેશના કાર્યક્રમની જાહેરાત ૧૨મી ઓક્ટોબરના દિવસે કરી ત્યારે ગુજરાતમાં ચૂંટણીની તારીખો જાહેર કરવામાં વિલંબને લઈને પણ વાત કરવામાં આવી હતી પરંતુ કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોએ ચૂંટણી કાર્યક્રમ જાહેર ન થતાં હોબાળો મચાવ્યો હતો. ચૂંટણી પંચની કામગીરીમાં દરમિયાનગીરી કરવા બદલ કેન્દ્રની ઝાટકણી કાઢવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આચારસંહિતા અમલી બને તે પહેલા વધુ કાર્યક્રમ જાહેર કરી શકે તે માટે આમા વિલંબ કરાયો હતો. જો કે, પંચે કહ્યું હતું કે, ગુજરાતમાં ચૂંટણી ૧૮મી ડિસેમ્બર પહેલા થશે. મતગણતરી બંને રાજ્યોમાં સાથે થશે. કોઈ અડચણ એકબીજા રાજ્યોનો થશે નહીં. ચૂંટણી પંચે ૧૨મી ઓક્ટોબરના દિવસે હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે તારીખોની જાહેરાત કરી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. હિમાચલ પ્રદેશમાં એક જ તબક્કામાં નવમી નવેમ્બરના દિવસે મતદાન થશે અને ૧૮મી ડિસેમ્બરના દિવસે મતોની ગણતરી થશે. આ વખતે હિમાચલમાં પણ મતદાન મથકો ઉપર વીવીપેટનો ઉપયોગ કરવામાં આવનાર છે. ચૂંટણી પંચે ૧૨મી ઓક્ટોબરના દિવસે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે તારીખોની જાહેરાત કરી ન હતી જેની ચર્ચા રહી હતી.








ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

**શ્રી જલારામ જયંતિ - ભાવસભર નિમંત્રણ**



નવા વર્ષે આપનું જીવન પૂ. જલારામ બાપાની અસીમ કૃપાથી છલકાતું રહે એવી શુભકામનાઓ સાથે શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર આપ સૌ નગરજનોને પૂ. બાપાની ૨૧૮મી જન્મજયંતિની શાનદાર ઉજવણીમાં સહભાગી થવા નિમંત્રે છે.

**શ્રી જલારામ જયંતિ**
**તા. ૨૭-૧૦-૨૦૧૭, શુક્રવાર**

**શુભ પ્રસંગો**

ધૂન : સવારે ૬.૩૦ થી સાંજે ૬.૩૦
શોભાયાત્રા : સવારે ૮.૦૦ કલાકે (જલારામ મંદિરથી ભોજલરામ મંદિર, સે. ૭)
અન્નકૂટ દર્શન : સાંજે ૪.૦૦ થી રાત્રે ૯.૦૦
મહાઆરતી : સાંજે ૬.૪૫ કલાકે
વીરપુર જઈ રહેલા પદયાત્રીઓનું અભિવાદન : સાંજે ૭.૦૦ કલાકે
શુભ સ્થળ : જલારામ મંદિર, સે.-૨૯, ફોન -૨૩૨૨૩૬૧૪

વ્યાવસાયિક કામકાજને વિરામ આપી આ ઉજવણીમાં સહપરિવાર ઉમંગપૂર્વક જોડાવા ખાસ અપીલ છે.

નિમંત્રક : પ્રમુખશ્રી તથા કારોબારી સમિતિ, શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ**

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર.

મંડળીના માનવંતા સભાસદ ભાઇઓ/બહેનો તેમજ મંડળીના પાયાના પથ્થર સમાન દૂધ વિતરણની મહત્વની કામગીરી સંભાળતા દૂધ વિતરણ કેન્દ્ર સંચાલક મિત્રોને તેમજ મંડળીના કર્મચારીગણને અને સંસ્થા સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંકળાયેલા તમામ સહયોગી મિત્રોને તેમજ શુભચિંતકોને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ.

**નૂતન વર્ષાભિનંદન**

**વ્યવસ્થાપક કમિટી**



દિલીપસિંહ ચૌહાણ, પ્રમુખ
મંગળદાસ પટેલ, ઉપપ્રમુખ
રાજેશ પંચોલી, મેનેજીંગ ડીરેક્ટર
ચંદ્રસિંહ વાઘેલા, જો.મેનેજીંગ ડીરેક્ટર
શ્રીમતી રેણુંકાબેન પટેલ, ચેરમેન, દૂધ સમિતિ
કિરીટકુમાર શાહ, ચેરમેન, હિસાબ સમિતિ
તેજાભાઈ દેસાઈ, કારોબારી સભ્ય
પંકજકુમાર શુક્લ, કારોબારી સભ્ય
સુરેશકુમાર મહેતા, કારોબારી સભ્ય
ઈશ્વરભાઈ પટેલ, કારોબારી સભ્ય
કેતનકુમાર પટેલ, કારોબારી સભ્ય
શ્રીમતી હસુમતીબેન પટેલ, કારોબારી સભ્ય
ગજેન્દ્રસિંહ રાઠોડ, કારોબારી સભ્ય
બિપીનસિંહ વાઘેલા, કારોબારી સભ્ય
શ્રીમતી ભાનુમતીબેન રોહીત, કારોબારી સભ્ય
નરહરદાન ગઢવી, જનરલ મેનેજર

અમારા માનવંતા ગ્રાહકો, મિત્રો, શુભેચ્છકો તેમજ સ્નેહીજનોને નવા વર્ષની શુભકામના સહ - નૂતન વર્ષાભિનંદન

24"x50" સુધીની કલર એન્લાર્જમેન્ટ અરજન્ટ મેળવો

અરજન્ટ કલર પાસપોર્ટ ફોટા માત્ર ૧૦ મીનીટમાં મેળવો

**પાયલ સ્ટુડીયો**

જાની બ્રધર્સ - ફોટો જર્નાલીસ્ટ

માનનીય રાજ્યપાલશ્રીના પર્સનલ ફોટોગ્રાફર - વિડિયોગ્રાફર ફોટોજર્નાલીસ્ટ - ગાંધીનગર સમાચાર

ફોટોગ્રાફી / વિડિયોગ્રાફી
- બર્થ-ડે • એંગેજમેન્ટ • મેરેજ
- સેમિનાર • વર્કશોપ • જાહેર કાર્યક્રમો

મીડીયા પરથી કોલાજ પ્રિન્ટ, બાળકોની ચીલ્ડ્રન ફ્રેમીંગ, ફેમીલી તથા કપલ ફોટા એન્લાર્જ તથા ફેન્સી ગ્લાસ ફ્રેમમાં કરાવો.

- Candid Photography
- હાઈડેફીનેશન વીડીયોગ્રાફી તથા લાઈવટેલીકાસ્ટ ઓન LED સ્ક્રીન વીથ જીમી કેમેરા માટે મળો.
- એબ્રોડ (પરદેશ)માં લાઈવ ટેલીકાસ્ટ માટે મળો

PCL Payal Color Lab

**પાયલ કલર લેબ**

ઘ-૪II, પંજાબ નેશનલ બેંકની પાછળ,ભોયરામાં, સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૩૦૬૫૨
Email : payalcolorlab@gmail.com

